ભાઈકાકા યુનિવર્સિટી

# ડિપ્લોમા / સર્ટિફિકેટ કોર્ષ ઈન યોગ







विद्या विमुक्तिदायिनी
Bhaikaka University

## ભાઈકાકા યુનિવર્સિટીઃ

ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ સ્વાસ્થ્ય સંભાળના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ સંસ્થા છે. અગાઉ એચ.એમ.પટેલ સેન્ટર ફોર મેડિકલ કેર એન્ડ એજ્યુકેશન તરીકે નામના મેળવેલ આ સંસ્થા આરોગ્યને લગતા અભ્યાસક્રમોમાં તથા મેડિકલ લેબ ટેકનોલોજી અને એલાઈડ હેલ્થ સાયન્સને લગતા અભ્યાસક્રમોમાં ચાર દાયકાનો બહોળો અનુભવ ધરાવે છે. ૧૦૦ એકરના હરીયાળા કેમ્પસમાં ફેલાયેલ આ શૈક્ષણિક સંકુલ ચારૂતર આરોગ્ય મંડળ દ્વારા સંચાલિત છે, જેને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૯માં પ્રાઈવેટ યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આ યુનિવર્સિટી સાથે એન.એ.બી.એચ. માન્યતા પ્રાપ્ત ૯૦૦થી વધુ પથારી ધરાવતી, અદ્યતન શ્રી કૃષ્ણ હૉસ્પિટલ સંલગ્ન છે. આ યુનિવર્સિટી આરોગ્ય ક્ષેત્રની જરૂરીયાત મુજબ વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમો પૂરા પાડે છે.

## ભાઈકાકા યુનિવર્સિટી હેઠળની સંસ્થાઓ ખાતે નીચે જણાવેલ અભ્યાસક્રમો ચલાવવમાં આવે છે.

- પ્રમુખસ્વામી મેડિકલ કોલેજઃ એમ.બી.બી.એસ. અને અનુસ્નાતકના અભ્યાસક્રમો.
- એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝઃ પોસ્ટ ગ્રેજ્યુએટ અને વિવિધ શાખાઓમાં પી.એચ.ડી.ના અભ્યાસક્રમો.
- શ્રી જી.એચ.પટેલ સ્કૂલ અને કોલેજ ઓફ નર્સિંગ અનુક્રમે જનરલ નર્સિંગ મિડવાઈફરી અને ડિપ્લોમા ઈન બી.એસ.સી. નર્સિંગના અભ્યાસક્રમો.
- શ્રી કે.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝીયોથેરાપીઃ સ્નાતક, અનુસ્નાતક તેમજ સર્ટીફીકેટ કોર્ષના અભ્યાસક્રમો.
- શ્રીમતી એલ.પી.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ લેબોરેટરી ટેકનોલોજીઃ ડીપ્લોમા અને એમ. એસ.સી. (મેડિકલ લૅબ ટેકનોલોજી)ના અભ્યાસક્રમો.
- સી.એ.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ ટેકનોલોજી અને એલાયડ હેલ્થ સાયન્સિસ : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો.

**યોગવર્ગ :** અઠવાડીયામાં ૨ દિવસ સાંજે ૪.૦૦ થી ૬.૦૦

**સ્થળઃ** ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ

| ડિપ્લોમા ઈન યોગ | સર્ટિફીકેટ કોર્ષ ઈન યોગ |
|---|---|
| **પ્રવેશ લાયકાત** | |
| માન્યતા પ્રાપ્ત બોર્ડ માંથી ધોરણ ૧૨ની પરીક્ષા પાસ | માન્યતા પ્રાપ્ત બોર્ડ માંથી ધોરણ ૧૦ની પરીક્ષા પાસ |
| ઉંમરની મર્યાદા નથી | ઉંમરની મર્યાદા નથી |
| શારીરિક યોગ્યતા જરૂરી | શારીરિક યોગ્યતા જરૂરી |
| **કોર્ષનો સમયગાળો** | |
| ૧૨ માસ | ૦૪ માસ |
| **કોર્ષ ફી** | |
| રૂા.૨૦૦૦/- (વિદ્યાર્થીઓ માટે) | રૂા.૧૫૦૦/- (વિદ્યાર્થીઓ માટે) |
| રૂા.૩૦૦૦/- (અન્ય માટે) | રૂા.૨૦૦૦/- (અન્ય માટે) |
| કોર્ષ ફી માં પરીક્ષા ફી રૂા. ૫૦૦/- સામેલ છે. | |
| **અભ્યાસક્રમ** | |
| યોગ વિજ્ઞાન | યોગ અને યોગિક અભ્યાસનો પરિચય |
| શરીરની રચના | યોગ ગ્રંથોનો પરિચય |
| આસન, પ્રાણાયમ, યોગિક ક્રિયાઓ વગેરેનો અભ્યાસ | અષ્ટંગ યોગ |
| આયુર્વેદ અને નેચરોપથી | શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય માટે યોગ |

## અરજી કરવાની રીતઃ

- અરજીનું ફોર્મ પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસીન વિભાગ ખાતેથી રૂા. ૧૦૦ રોકડા આપીને મેળવી શકશો. સરનામું : શ્રી કૃષ્ણ હૉસ્પિટલ કેમ્પસ, કરમસદ, ગુજરાત.

અથવા

- યુનિર્વસિટીની વેબસાઈટ **www.bhaikakauniv.edu.in** પરથી અરજીનું ફોર્મ ડાઉનલોડ કરીને ભર્યા બાદ તેની સ્કૅન કોપી **info@charutarhealth.org** ના ઇ-મેઈલ પર મોકલી આપવી.

અથવા

- ઓનલાઈન અરજીપત્રક માટે ગુગલ ફોર્મ ભરી શકાશે.
- ઓનલાઈન અરજીપત્રક ભરવા માટે રૂા.૧૦૦ અરજી ફી, NEFT / RTGS દ્વારા મોકલી આપવાની રહેશે, બેંકની વિગત નીચે મુજબ છે.

| બેંકની વિગતો, ઑનલાઈન ફીની ચૂકવણી માટેઃ | |
|---|---|
| બેંકનું નામ | AXIS Bank |
| ખાતાનું નામ | Bhaikaka University |
| ખાતા નંબર | 919020095966727 |
| આઈ.એસ.એફ સી. કોડ | UTIB000038 |
| શાખાનો કોડ | 038 |
| શાખા | Vallabh Vidyanagar |
| ખાતાનો પ્રકાર | Current A/C |

અથવા

ડીમાન્ડ ડ્રાફ્ટ 'રજીસ્ટ્રારશ્રી, ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ'ના નામે મોકલવાનો રહેશે.

विद्या विमुक्तिदायिनी
Bhaikaka University

ભાઈકાકા યુનિવર્સિટી, ગોકલનગર, કરમસદ-૩૮૮૩૨૫
www.bhaikakauniv.edu.in • ફોનઃ ૦૨૬૯૨-૨૨૮૭૪૮
મો.૭૫૭૪૮ ૨૨૦૧૧ • ઈ-મેઈલ : info@bhaikakauniv.edu.in